

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*હતા નખ વેગડા, હિંદુસ્તાની અંગ થઈ ગયા!*
*સત્તાની હિંમતથી, કાશ્મીરીઓ દંગ થઈ ગયા!*
*તંગ હતા ભારતીયો, એમના ખાસ દરજ્જાથી-*
*કેસરી અને લીલો હવે એક-રંગ થઈ ગયા!*

### હાઈકુ

*ભરી છે બાથ!*
*ધન્ય બહાદુરીને-*
*પાળ્યું વચન..*

*હતા તો મામા!*
*પણ વર્તને કંસ-*
*અબ્દુલા વંશ..*

### ચિંતન

*ભદ્રમિચ્છન્ત ઋષયઃ સ્વર્વિદસ્તયો દીક્ષામુપનિષે દુરગ્રે ।*
*તતો રાષ્ટ્રં બલ મોજશ્ચ જાતં તમસ્મૈ દેવા ઉપસંનમન્તુ ॥*

ઉપરોક્ત શ્લોક અથર્વવેદ માંથી લેવામાં આવેલ છે.

આત્મકલ્યાણની ઈચ્છા રાખનાર પુરુષને પહેલાં તપની દીક્ષા આપવામાં આવે છે. એનાથી શરીરબળ, મનોબળ, પદ, પ્રતિષ્ઠા અને સુખ પ્રાપ્ત થાય છે.

સંસારમાં બધાં જ મહાપુરુષોએ તપ કરવા પર વધુ ભાર મૂક્યો છે. જીવનમાં વધારે ને વધારે સુખ તથા આનંદ મેળવવા માટે તપ જરૂરી છે. આપણા શરીરને જાત જાતના કષ્ટ આપવા એ તપ નથી. તપનો અર્થ છે - ધર્મ, સત્ય અને ન્યાયના માર્ગે ચાલતા રહીને જે વિઘ્નો, અવરોધો અને કષ્ટો સામે આવે તેમને સહન કરતાં જઈને આગળ વધતાં જવું. તપનો અર્થ છે... ભૂખ-તરસ, ગરમી-ઠંડી, સુખ-દુઃખ, હર્ષ-શોક માન-અપમાન વગેરે પ્રત્યે સમભાવ રાખીને તેમને સહન કરવા તપનો અર્થ છે. ભોજન, વસ્ત્ર, વ્યાયામ, વિશ્રામ, સ્વાધ્યાય વગેરે બાબતોમાં જરૂરિયાત પ્રમાણે અનુકૂળ આચરણ કરવું કે જેના દ્વારા શરીર પૂર્ણ રીતે સ્વસ્થ રહે.

### સુવિચાર

- છા જાતી હૈ ચુપ્પી અગર ગુનાહ અપનેં હો, બાત દૂસરોં કી હો તો શોર બહુત હોતા હૈ - **નદીમ શાહ**
- રૂપિયાના ઢગલા પર ઊંઘની હડતાળ છે, માટીના ઓટલા પર નિંદર મહેરબાન છે - **એસ. ભટ્ટાચાર્ય**
- લાયકાત વગરના લોકોની જીત એ વખતે નક્કી થઈ જાય છે
  જયારે લાયક માણસો ચૂપ થઈ જાય છે - **અમૃતબિંદુ**
- વોટ્સએપ હોય કે જિંદગી લોકો સ્ટેટ્સ જોતા થઈ ગયા છે - **ચિત્રલેખા**
- સુખની વ્યાખ્યા દરેક માટે અલગ અલગ હોય છે, અમુક કિનારે પહોંચવા વલખા મારે છે
  અને અમુક કિનારે પહોંચી ને... - **ડો. ભાલચંદ્ર પારડીવાળા**
- કચરામાંથી અનાયાસે હીરો મળી જાય તો... લોકો એ હીરાનો વૈભવ માણવાને બદલે..
  બીજા હીરાની શોધમાં જીવનભર કચરો ફેંકતા રહે છે - **માનસસૂત્ર**
- આજનું ઔષધ : ઘા માં જીવડા પડ્યા હોય તો સુકુ લસણ વાટી પેસ્ટ ઘા પર બાંધવાથી ઘા જલ્દી રૂઝાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સ્પેનના સેમ્યુઅલ નામના ખેડૂતના ખેતરમાં ઉગેલા ઢગલાબંધ અનાજને જોઈ તેના ગામના ખેડૂતો હેરાન થઈ ગયા. ગામ લોકોને લાગ્યું કે નક્કી સેમ્યુઅલ કોઈ જાદુટોણા કરતો હોવો જોઈએ. એટલે સૌથી વધુ પાક એના ખેતરમાં થાય છે. ગામના ખેડૂતોને એની ઈર્ષ્યા થઈ. ગામના લોકોએ ન્યાયાધીશને ફરિયાદ કરી. ન્યાયાધીશે સેમ્યુઅલ ને પૂછ્યું, ‘તમે જાદુ-ટોણા કરીને ખેતરમાં વધુ પાક મેળવો છો?’ આ અંગે આપને શું કહેવું છે?’ સેમ્યુઅલ જવાબ આપતા કહ્યું, ‘નામદાર. હું આપને મારા ખેતીના ઓજાર અને મારા ઘરના સભ્યોની મુલાકાત કરાવું. મારી સખત-મહેનત, ખેતી કરવાની નવી ટેકનિક, સારામાં સારું ખાતર, નાખીને મારી ફસલ તૈયાર કરું છું. આ મારી દીકરી જે બિયારણ વાવે છે. તે પણ ખૂબ મહેનત કરે છે. મારા ખેતીના ઓજારો જોવો. તે પણ સારી હાલતમાં છે. તૂટેલાં નથી. મારા બળદો પણ તંદુરસ્ત જોડી છે. અમે સૌ બળદોને પણ પૌષ્ટિક આહાર આપીને તાજા-માજા રાખ્યા છે. એમની પણ ચાકરી કરી છે. બળદ પણ અમારી સાથે સખત મહેનતમાં જોડાયેલા છે. આજ તો અમારી કાળજીનો જાદુ છે. કોઈ પણ ખેડૂત સારી રીતે ઈમાનદારી પૂર્વક આવું કરે તો મારી જેમ જ ઢગલાબંધ પાક પકવવાનો જાદુ કરી શકે તેમ છે.’ વિદ્વાન ન્યાયાધીશે સેમ્યુઅલના બયાન ગંભીરતાથી લીધા અને સેમ્યુઅલને નિર્દોષ જાહેર કર્યો અને સાથે સાથે આવી ફરિયાદ કરનાર ખેડૂતને સેમ્યુઅલની જેમ સખત મહેનત, ઉમદા, ઓજારો, સારું બિયારણ સારા બળદથી ખેતી કરવાની સલાહ આપી.

# દંતકથારૂપ પત્રકારની વિદાય વેળાએ

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ લખાશે ત્યારે એમાં કાંતિ ભટ્ટના નામનું અલગ પ્રકરણ લખવું પડશે. એક અંતરિયાળ ગામડામાં જન્મેલો બ્રાહ્મણબાળ અનેક ઝંઝાવાતો વચ્ચે અથડાતો કુટાતો આખરે પત્રકારત્વના ક્ષેત્રે પદાર્પણ કરે છે અને તે પણ બાળવયની રસરુચિને કારણે. કોઈ યુનિવર્સિટીમાં પત્રકારત્વના સિદ્ધાંતોનો અભ્યાસ કરીને બનેલા પત્રકાર એ નહોતાં. સંજોગોએ એમને પત્રકાર બનાવ્યા અને અંતર્નિહિત નિષ્ઠા અને સત્યશોધક વૃત્તિએ એમને બીજા પત્રકારો કરતાં મૂઠી ઊંચેરા સાહસિક પત્રકાર લેખે પ્રસ્થાપિત કર્યા. અંગત જીવનમાં એકથી એક આઘાતજનક ઘટનાઓ બનતી રહી. એ તમામ સાથે સાક્ષીભાવ કેળવી કાંતિ ભટ્ટ એમની કલમને વફાદાર રહ્યા. અભિયાન શરૂ કર્યું ત્યારે કાંતિ ભટ્ટ અને એમનાં ત્રીજાં પત્ની શીલા ભટ્ટ બેઉ ‘બ્રાન્ડ’ બની ચૂક્યાં હતા. બેઉ લાંબો સમય સાથે ન રહી શકતાં પરંતુ એકમેક પ્રત્યે પૂરા સદ્‌ભાવથી પોતપોતાની આગવી કેડી કંડારતાં રહ્યાં. કાંતિ ભટ્ટ ગુજરાતી પત્રકારત્વમાં એવી ઊંચાઈ સર કરી શક્યા હતા કે અખબારોને એમની ગરજ પડતી, એ અખબારના મોહતાજ નહોતા. જયારે વધુ ફેલાવો ધરાવતા ગુજરાતી દૈનિકે એમને કટાર લેખન માટે નિમંત્રણ પાઠવ્યું ત્યારે એમણે ચોખવટ કરી હતી કે મને સૌ પ્રથમ બ્રેક આપનાર જન્મભૂમિ ગ્રૂપ સાથેનો મારો અનુબંધ અકબંધ રહેવાની શકતે જ હું તમારા છાપામાં લખી શકીશ. સામાન્ય રીતે મોટાં અખબારો એમના કટાર લેખકોને બીજાં અખબારોમાં લખવાની છૂટ નથી આપતાં પણ કાંતિ ભટ્ટ માટે અપવાદ કરવો પડ્યો હતો. જિંદગીના છેલ્લા દિવસ સુધી કલમ અને કાગળ સાથેનો સંબંધ જીવંત રાખનાર કલમનવીસ તરીકે કાંતિ ભટ્ટ એક દંતકથા બની ગયા છે. મોરારિ બાપુ સાથે એમને મૈત્રીભાવ હતો. અવારનવાર મહુવા ખાતે યોજાતા કાર્યક્રમોમાં એ ડોકાતા રહેતા. એમનામાં ૮૮ વર્ષની જૈફ વયે પણ એક તોફાની બાળક જીવતું હતું એટલે છેલ્લા જન્મદિવસે પણ તેઓ નાચ્યા હતા.

ધાર્યું હોત તો કાંતિ ભટ્ટ ઉચ્ચ કક્ષાના નિબંધકાર તરીકે પ્રસ્થાપિત થઈ શક્યા હોત. પરંતુ એમણે એમના વિશાળ વાંચન અને મનનને ચેતનાની ક્ષણોમાં કેદ કરી વીંટો વાળી દીધો. ‘ચેતનાની ક્ષણે’ કટાર એમની સંપ્રજ્ઞતા અને ચિંતનની સાહેદી પૂરતી રહી, એવા લેખોના સંગ્રહો પણ થયા અને તે બેસ્ટ સેલર પણ બન્યા. પરંતુ કાંતિ ભટ્ટ પાસે ગુણવંત શાહ જેવી વાક્ છટા કે ગદ્યલાલિત્ય નહોતું અને પત્રકારત્વને એમણે આજીવિકા તરીકે સ્વીકીર્યું હતું એટલે સાહિત્યના વાડામાં એમણે પ્રવેશ જ ન કર્યો. એમને મળવાં જોઈએ એવાં માન અકરામ બહુ નથી મળ્યાં પરંતુ એમનું નામ જ જયારે એક દંતકથા બની ગયું હોય ત્યારે એવાં માન અકરામ માટે એ થોડા ઝંખે ? ઊલટાના એ તો આવા માનમરતબા મેળવવા કરાતો લગાવનારાઓની ઠેકડી જ ઉડાડતા રહેતા. જે વિષય પર લખવાનું હોય એની પાકી, અધિકૃત માહિતી ભેગી કરીને એ કલમ ચલાવતા. દારૂ, સ્ત્રી, રાજકારણ કે એવા અનેક અસ્પૃશ્ય વિષયો પર એમણે લખ્યું, આરોગ્ય અને વિશ્વ સાહિત્યની વાતો પણ કરી, પરંતુ એમાં કશું જ મનગઢંત નહીં. એમની પાસે દરેક વિષય ઉપરનાં લખાણોના થોકેથોક હતા, હજારો પુસ્તકો એમણે વસાવ્યાં હતા. કાંદિવલીનો એમનો ફલેટ એ પત્રકારત્વનું તીર્થ હતો. કાંતિ ભટ્ટ સદેહે પત્રકારત્વની યુનિવર્સિટી હતા. ગુજરાતી ભાષાને બીજા કાંતિ ભટ્ટ મળવા ઘણા મુશ્કેલ છે. ઈશ્વર એમના આત્માને શાંતિ બક્ષે.

# પોતે છેતરાઈ ગયાનો અહેસાસ તેને કોરી ખાવા લાગ્યો



**નવાં કલેવર**

નટવર હેડાઉ

સતત ઉકળાટ અને બફારાનો મહાલ હતો. વર્ષા જાણે કે રીંસાઈ ગઈ હતી. સાંજે પવન નીકળતો વાદઓ ઉમટી આવતા ત્યારે આશા બંધાતી કે આજ તો જરૂર વરસાદ પડશે જ. પણ થોડી જ વારમાં છેતરાયાનો અહેસાસ થયો.

આજુબાજુના શહેરો અને ગામોમાં ધોધમાર વરસાદના સમાચાર જાણવા મલતા હતા. કયાંક વીજળી પડવાના રસ્તાઓ જળબંબાકાર થઈ જવાના વાવડ સાંભળી એમ થયું કે શું આપણે ભરચોમાસે ભીંજાવાનું નસીબમાં જ નથી કે શું ? પરંતુ છેલ્લા બે દિવસથી પહેલાં ધીમી ધારે ઝરમર ઝરમર વરસ્યો ને પછીનો મન મુકીને વરસી પડ્યો છે. તેવા વરસાદમાં હરિયાળા નગરનાં વૃક્ષોને નવું ઉગેલું ઘાસ છોડવાઓ બધું મંત્રમુગ્ધ કરી દે છે.

નિસર્ગ ને પણ થયું કે ઘર આંગણે શોભી ઊઠે તેવાં ફૂલો હોય તો મજા પડી જાય. તે માટે તે નર્સરીમાં આયો હતો.

ગુલાબ, ચંપો, મોગરો, જાસુદ, ગલગોટા જેવાં ફૂલોનાં છોડ તો તેના આંગણાની શોભા વધારતા જ હતા. તેમાં કંઈક વિશેષ ઉમેરો થાય તેવાં દુર્લભ છોડ મળે તો તેનો લેવો હતો.

નર્સરીમાં ફૂલછોડ જોઈને તેનું મન હરખાઈ ઉઠ્યું, તેણે કેટલીયે જાળના અવનવા છોડ જોવા જ ખરીદી દેવાનું મન બનાવી લીધું. તેમાં એક છોડ ખુબ જ મોંઘો હતો. લગભગ દોઢસો રૂપિયાનો કહ્યો. જેમાં તારલા જેવા જુદા જુદા બે ત્રણ રંગોના ફૂલો લાગેલા હતા.

નિસર્ગે આ છોડ વિશે પૂછતાં જ નર્સરીવાળાએ તેના ખૂબ વખામ કર્યા. ‘સાહેબ, આવો છોડ તમને બીજે કયાંય જોવા નહીં મળે.’ નિસર્ગ ને આવો જ છોડ જોઈતો હતો. તે હોંશે હોંશે છોડ ઘેર લઈ આવ્યો. અને આંગણામાં દરવાજામાં પેસતાં જ નજરે પડે તેમ વાવી લીધો.

થોડા દિવસ બાદ નિસર્ગને વડોદરા જવાનું થયું. માસીના ઘરે જયાં તે રોકાયો હતો તે રેલ્વે લાઈનની નજીકમાં હતું. બે માળના ઘરની બાલ્કનીમાં દૂર દૂર જોઈ શકાતું હતું. તે રાત્રે જે ઓરડામાં રાકોય હતો તે બીજા માળે હતો.

સવાર સવારમાં ઉઠીને તેણે બહારનું દશ્ય જોયું. આમ તેમ જોતા રેલવે લાઈનની બાજુમાં ઉગેલ ઝાડ અને છોડવાઓ પર તેની નજર પડી. તેને આશ્ચર્ય થયું. તે જેને દુર્લભ અને અનોખો છોડ માનતો હતો તેવા અનેક છોડવા રેલલાઈનની બાજુમાં કુદરતી ઝાડી ઝાંખરાં ઊગી નીકળેલા તેમાં ઉગેલ હતા. અરે તેના તારલીયા જેવા રંગબેરંગી ફૂલો ખૂલેલાં હતા.

જંગલી છોડવાના દોઢસો રૂપિયા ખર્ચી નાંખ્યાનો તેને રંજ થયો. અને પોતે છેતરાઈ ગયાનો અહેસાસ તેને કોરી ખાવા લાગ્યો.

કુદરત હો કે માનવ કયારે છેતરાઈ જળવાય તે નક્કી નહીં.

# આપણાં સંબંધો : રાધાજીનો ન્યોછાવર અને ઉદ્ધવ નો જ્ઞાનગર્વ



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

શ્રી કૃષ્ણ વિષેના પુરાકલ્પનોમાં રાધાજીનું ઉમેરણ આમ તો મોઢે થી થવા પામેલું પણ એકવાર ઉમેરણ થયું તો ભક્તોના હદયમાં રાધાજીએ કાયમી સ્થાન લઈ લીધું. શ્રીકૃષ્ણ સાથે રાધાજીનો સંબંધ એવો અવિયોજય બની રહ્યો છે કે શ્રી રાધાકૃષ્ણની યુગલમૂર્તિએ બીજા બધા સંબંધોને ગૌણ કરી નાખ્યાં છે. શ્રીરાધાકૃષ્ણ વિષે લખલૂટ સાહિત્ય રચાયું છે. આમાનું એક એટલે શ્રી રાધાવતાર.

શ્રી રાધાવતાર’’માં ઉદ્ધવજીના મુખેથી એક પ્રસંગ કહેવાયો છે.

મથુરાવાસ દરમ્યાન એક દિવસ શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે કે પોતાનું માથું ફાટી જાય એવું મસ્તકમાં તીવ્ર શૂળ ઉપડયું છે. મિત્રની દશા જોઈને ઉદ્ધવે વિવિધ ઉપચારો બતાવ્યા પણ શ્રીકૃષ્ણએ કહ્યું કે ‘‘મારી આ વેદના એ પ્રકારની છે કે વૈધથી કે જડીબુટ્ટી યા ઔષધીથી એ મટી શકે નહીં. એક જ ઈલાજ છે, કોઈ વ્યક્તિ સ્વેચ્છાએ એ ઈલાજ માટેની વસ્તુ આપે તો’’

ઉદ્ધવે એ ઈલાજ વસ્તુનું નામ પૂછ્યું તો શ્રીકૃષ્ણ કહે ‘‘એ વસ્તુ તારા જેવા જ્ઞાનીઓ પાસે જ હોય છે, તારી પાસે પણ છે. જો તું આપે તો ..’’

ઉદ્ધવે કહ્યું કે મારી પાસે હોય તો માંગવાની ના હોય, એ તો આપની જ કહેવાય વગર પૂછયે લઈ લેવાની હોય.

ઉદ્ધવ આટલું બોલ્યા ત્યાં તો શ્રીકૃષ્ણ તરત જ ઊભા થયા અને ઉદ્ધવના ચરણોમાં વાંકા વળ્યા. શ્રીકૃષ્ણને પોતાના ચરણોમાં વાંકા વળતાં જોઈને ઉદ્ધવ બે ડગલાં પાછળ હટી ગયા ને કહ્યું કે પ્રભુ આ શું કરો છો !

શ્રીકૃષ્ણ કહે, મારા માથાનું શૂળ કોઈની ચરણરજ મારા માથા પર ચડાવું તો જ મટી શકે એમ છે. એ ચરણરજ પણ સ્વેછાએ આપેલી હોવી જોઈએ, તે કહ્યું એટલે વગર પૂછયે તારી ચરણરજ લઈ લઉં. આમ કહી શ્રીકૃષ્ણ ફરી વાંકા વળ્યા.

ઉદ્ધવે શ્રીકૃષ્ણની ચેષ્ટા જોઈને કહ્યું કે પ્રભુ મારા ચરણની રજ આપના માથા ઉપર ચડાવીને આપ મને નરકમાં ધકેલવા માંગો છો? એ કદાપિ ના બને. આપની ચરણરજ મારા માથા ઉપર શોભે, નહીં કે મારી ચરણરજ આપના માથા ઉપર.

ઉદ્ધવનો પ્રત્યુતર સાંભળી કૃષ્ણે કહ્યું કે ‘‘ જો તને નરકમાં જવાનો જ ડર હોય તો પછી તું બીજા કોઈની ચરણરજ લઈ આવ. કોઈપણ વ્યકિતની હશે ચાલશે, શરત માત્ર એટલી કે એ વ્યકિત સમજીને આપે કે એ રજ શ્રીકૃષ્ણનાં માથે ચડાવવાની છે.

આટલું કહીને શ્રીકૃષ્ણ દર્દથી પીડાતા પીછોડી માથે બાંધીને સૂઈ ગયા.

ઉદ્ધવ ચરણરજ લેવા માટે નીકળી પડ્યા. મથુરાની શેરીએ શેરી અને ગલીએ ગલી ખૂંદી વળ્યા પણ કોઈ નગરજન શ્રીકૃષ્ણના માથે ચડાવવા માટે પોતાના ચરણની રજ આપવા તૈયાર ન થયું. કેટલાક લોકોએ તો આવું ધોર પાપ કરાવવા પ્રવૃત થયેલા માનીને ઉદ્ધવને ઠપકો પણ આપ્યો.

ચરણરજ શોધતા શોધતા ઉદ્ધવ મથુરાની બહાર, વૃજભૂમિમાં , વૃંદાવન સુધી પહોચી ગયા. રસ્તામાં એક ગોપીવૃંદ મળ્યું. બધી જ શ્રીકૃષ્ણની બાળસખીઓ. શ્રીકૃષ્ણ માટે પ્રાણ ન્યોછાવર કરનારી ગોપીઓ.

ઉદ્ધવે વિચાર્યું કે આ બધી અભણ ને અજ્ઞાની ગોપીઓ, ગોવાલણો પગની રજ તરત જ આપી દેશે ને પછી ભલે એ અક્કલ વિનાની ગોવાલણોને રોવર નરક ભોગવવાનું પાપ લાગે.

ઉદ્ધવે કહ્યું કે પોતે મથુરાથી આવે છે. શ્રીકૃષ્ણ એ મોકલ્યો છે. એ ભારે કષ્ટ સહન કરી રહ્યા છે.એમના માથા ઉપર ચડાવવા ચરણરજ જોઈએ છે. તો જ તેનું કષ્ટ દૂર થશે.

ગોપીવૃંદમાં રાધાજી પણ હતા. તેઓ અચરજ પામી બોલ્યા ‘‘ચરણરજ લેવા તમે આટલે દૂર આવ્યા? તમે પોતે કેમ ના આપી? રાધાજીના સાહજીક પ્રશ્નના ઉત્તર આપતાં ઉદ્ધવ બોલી ગયા કે ‘‘મારા પગની રજ તેમના માથા પર ચડે તો મને તો નરક જ મળે.’’

રાધાજીએ આટલું સાંભળ્યુ ને તરત જ ફટાક દઈને પોતાની ઓઢણી ફાડીને એક ફટકામાં પોતાના બંને પગ નીચેની રજ મુઠ્ઠી ભરીને કપડામાં બાંધી દીધી, રાધાજીના પગલે અન્ય ગોપીઓએ પણ પોતાના ચરણની રજ એ પોટલીમાં નાંખીને ઉદ્ધવને આપતા કહ્યું.

‘‘ઉદ્ધવ, અમે કોઈ નરકના ભયથી ડરતા નથી. અમારું તો સર્વસ્વ શ્યામને સમર્પિત છે. શ્રીકૃષ્ણના કષ્ટનિવારણ ખાતર એક જન્મતો શું , સેંકડોવાર નરકમાં જવું પડે તો પણ અમે તૈયાર છીએ.

રાધાજીના શબ્દો સાંભળી ઉદ્ધવનો જ્ઞાનગર્વ ઓગળી ગયો.

શ્રીકૃષ્ણ અને ગોપીજનો, શ્રીકૃષ્ણ અને દ્રૌપદી, શ્રીકૃષ્ણ અને રાધાજીનો પ્રેમ એ નિષ્કામ ‘ક્ષ્ટીહેષ્ઠ ગણાય છે. એવી જ રીતે શ્રીકૃષ્ણ અને ઉદ્ધવજીની મૈત્રીપણ દાખલા રૂપ ગણાય છે.

આમ છતાં આ પ્રસંગ ઉપરથી એવું ફલિત થાય છે કે ઉદ્ધવજીને જ્યારે નરકમાં જવાનો ભય લાગ્યો ત્યારે તેમણે શ્રીકૃષ્ણ સાથેના સંબંધનાં મૂલ્યનું નહીં પણ પોતાના નરકમાં જવાના ભય વિશે વિચાર્યું અને તે પ્રમાણે નિર્ણય લીધો. તેનાથી ઊલટું,ગોપીઓ અને રાધાજીએ ભવોભવ નરકની પીડાની સામે શ્રીકૃષ્ણ સાથેના સંબંધને વધારે મૂલ્યવાન ગણ્યો.

માનવીય સંબંધોની ખરી કસોટી આ પ્રકારના કપરા સમયે જ થતી હોય છે. શ્રીકૃષ્ણ, ઉદ્ધવ અને રાધાજીનો પ્રસંગ તો એક પુરાકલ્પન છે પણ આપણાં સંબંધોમાં આ પ્રકારનો કપરો સમય આવે, ત્યારે આપણે શું નિર્ણય લઈએ મહત્વનુ છે. એક તરફ સંબંધીની મુશ્કેલી અને બીજી તરફ આપણી સાનુકૂળતા એ બે માંથી આપણે શું પસંદ કરીએ છીએ તેના આધારે આપણાં સંબંધોનું સાચું મૂલ્ય અંકાતું હોય છે. આપણી સંપતિ, આપણું જ્ઞાન, આપણી શાન-શૌહરતનું આપણને ધણીવાર ગુમાન હોય છે, ગર્વ હોય છે જે સાચા સંબંધોની સામે ક્યારેક ચૂરચૂર થઈ જતાં હોય છે.

આપણાં કોઈપણ પ્રકારના સંબંધોની ગરિમા કદાચ આપણે રાધાજી જેવી ના જાળવી શકીએ, પણ ત્યાં સુધી પહોંચવા માટે એ તરફ પ્રયાણ કરી શકીએ તો પણ આપણાં સંબંધો સાર્થક થઈ શકે.

# છલોછલ શહેરીકરણ અને ખાલીખમ ગ્રામ્ય વિસ્તાર !



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

એકવીસમી સદી ટેકનોલોજી અને જ્ઞાનની સદી છે વર્ષો પહેલાનું ગુજરાત કે ભારત જો નજર સામે રાખીએ તો અવશ્ય લાગે કે પરિવર્તન પુષ્કળ આવ્યું છે પણ ખબર નથી એ પડતી કે ભૂતકાળ કેમ વધુ યાદગાર થઈને માનસપટ ઉપર છવાયેલો જોવા મળે છે ? સમય સરકતો જ રહે છે એ બધા જ બંધનોથી મુક્ત છે. ભારતની પ્રત્યેક સવાર નવી ઉમ્મીદ લઈને આવે જ છે છતાં રાત્રી થતા ગમગીની ઘરમાં, દિલમાં, વિચારમાં ઘૂસી જાય છે. છેલ્લા વીસ વર્ષોમાં પુષ્કળ સવલતો પ્રાપ્ત થઈ સાથે સાથે જીવન આનંદ કે સુખ છિનવાઈ રહ્યા છે. જીવન સંઘર્ષ બહુ શક્તિશાળી થતો રહ્યો છે. જીવનમાં સાદગી કે સરળતાની વાત જ જતી રહી છે કેમ કે બધાને આધુનિક અને ટનાટન જીવવું જ છે ! સિત્તેરના દાયકામાં કોઈ સૌરાષ્ટ્રમાં થી સુરત કે અમદાવાદ રોજગાર માટે જતો તો જાણે વિદેશમાં જઈ રહ્યા હોય તેવો માહોલ ઊભો થતો અને સુરતમાં કોઈ સગા સંબંધીને ત્યાં મળવા જાય તો ‘દેશમાંથી કયારે આવ્યાં ?’ તેવો સવાલ પૂછવામાં આવતો. જરીકામ, હિરા ઉદ્યોગ, પાવર લૂમ્સ વગેરેના કામમાં સુરત જતા લોકો હૃદયમાં વતનની સુગંધ લઈને જતાં તો અમદાવાદ મિલોનું નગર હતું તેમાં જ મોટા ભાગે કામ મળતું છતા પરિવારો રાજી રહેતા અને શહેરમાં રોજગાર મળ્યાનો હરખ કરતાં !! ગામડાઓમાં મુખ્ય વ્યવસાય કે ધંધો એટલે કૃષિ પરંતુ બાકી લોકો જે ખેતી સાથે સંલગ્ન ના હતા તેવા લોકો પણ ક્રમશઃ ગ્રામ્ય જીવનથી દૂર થઈ શહેરોમાં વસવા લાગ્યા. શહેરોને વર્ષોથી કોઈ વેદના-સંવેદના કે ગરગીની નથી ત્યાં મશીન્સની જેમ બધું ચાલતું રહે છે જયારે ગામડુ એ ધબકતું હૃદય છે! પોલાપણાની લાગણીવાળા ગામડાઓ આજે ખાલીખમ થઈ ગયા છે ત્યાં માત્ર વૃદ્ધત્વમાંથી પસાર થતા વડીલો માત્ર હાજર છે. યુવાધનને કામ-ધંધો રોજગાર જોઈએ છે તેથી ભાગી રહ્યા છે.

વસ્તી વધે તેમ નવા નવા ધંધા રોજગારમાં પણ વૃદ્ધિ થવી જોઈએ અને એ મુજબ પ્રશાસન પણ આયોજન કરતું જ હોય છે છતાં હવે કેળવણી - શિક્ષણ વધ્યા છે માટે ભણેલાઓ ને સારા જોબની મોટી અપેક્ષા ઊભી થઈ છે તો કૃષિક્ષેત્ર કહેવાય ખેડૂતોનું પણ આજે કૃષિ થઈ રહી છે બીજા લોકો દ્વારા અને ખેડૂતો અન્ય ધંધાકીય પ્રવૃત્તિઓમાં ગોઠવાતા જાય છે કારણ કે જીવવાનું તો ફરજિયાત છે. સ્થિતિ એ પ્રકારની ઊભી થઈ રહી છે કે ટેકનોલોજી દ્વારા ગામડાઓ શહેર જેવા બન્યા પરંતુ ત્યાં યુવાવર્ગ ઓછો થયો છે અને શહેરીકરણ બેહદ વિસ્તરતુ જાય છે જેનાથી પાણી, વિજળી, સેનિટેશન, હેલ્થ, આવાસ વગેરેની સમસ્યાઓ સતત્ વધતી જ જાય છે શહેરમાં જ કામ ધંધો મળી રહે એ માન્યતા ના લીધે લોકો સ્થળાંતર કરતા રહ્યા છે. મુંબઈ - દિલ્હીની ઝૂપડપટ્ટીઓ વધતી જાય છે હવે સરકાર પાકા છતાં પરિવાર રાખી શકે તેવા આવાસો તૈયાર કરી રહી છે તે ખુબ સારી શકે તેવા આવાસો તૈયાર કરી રહી છે તે ખુબ સારી બાબત છે. સ્માર્ટ સિટીઝ બનાવવાનો પણ એજન્ડા છે. દરેક નળમાં જળનું અભિયાન પણ ઉમદા છે છતાં જન સહકાર અને સાથ જો હશે તો બધુ ઉત્તમ થઈ શકશે. નદીઓ બારેય માસ હવે વહેતી નથી અને ડેમો ભરાયા નથી કેમ કે હવે ચોમાસાએ પોતાની શૈલી બદલી નાંખી છે, જળવાયુ પ્રદૂષણના લીધે કલાઈમેટ ચેન્જ થઈ ગયું છે. ધરતીમાતા મંદગતિથી સમુદ્રમાં સમાઈ જશે તો બધી સંસ્કૃતિઓનો અંત આવી જશે. શંકર નાગની ટીવી સિરિયલ કે જેનું નામ ‘માલગુડી ડેઈઝ’ હતું તેમાં ગ્રામ્ય જીવનનું ફિલ્માંકન કરાયું હતું તે અદ્‌ભૂત અને સર્વોત્તમ હતું. રેલવે દોડતી હોય અને ધીમી પડે ત્યારે ભૂલકાંઓ બાજુમાં દોડતાં જોઈ દિલને ગમી જાય. દેશી ઢબની દુકાનો, મિઠાઈઓ, મીની થિયેટર, નદી, રસ્તા, અને દશ્યોથી ગામડું જીવંત થઈ જતું અને આપણને વિચાર આવે કે ચાલો ત્યાં જ રહેવા જતા રહીએ. મેરે દેશમેં પવન ચલે પુરવાઈ હો મેરે દેશ મેં... ફિલ્મમાં જીતેન્દ્ર આ ગીત ગાય ત્યારે ગામડું ગમી જાય.

વિકાસ થાય એટલે પ્રશ્નો પણ ઉદ્‌ભવે એ સહજ પ્રક્રિયા હોય છે પરંતુ પ્રજામાં દેશપ્રેમ ઐક્ય અને અનુશાસન હોય તો ફળ મીઠા અવશ્ય મળે છે. શહેરીકરણમાં ગીચતા વધી છે માનવતા ઘટી છે અને જીવનની પ્રાથમિક જરૂરિયાતોમાંથી સુખ છિનવાતું જાય છે. લાંબા ગાળાને ધ્યાનમાં રાખીને જો શહેરોનું ફલક વિસ્તરે તો લોકો પીડા પામે નહીં. શહેરીવાસી એટલે સોનાના પિંજરે પૂરાયેલો પોપટ તો ગ્રામ્ય નિવાસી ભૂખ્યા રહીને પણ કળા કરતો મયુર... આવી વાત કહી - શકાય. શહેરોની જેમ ગામડાઓ પાકા મકાન, ઈન્ટરનેટ, સડક, સવલતોથી જોડાઈ રહ્યા છે પણ ભૌતિક સ્વરુપમાં ગામડું ઘણી સુખ કે શાંતિની ક્ષણો પામી શકતું નથી! સારા ડૉકટર ગામડે બહુ ઓછા જોવા મળે છે. ગુણવત્તા વાળુ શિક્ષણ હજી દૂર જ રહ્યું છે તો હવે પક્ષાપક્ષીના માહોલમાં કલહ કંકાસ વધ્યા છે. કાયદાનો ડર પણ બહુ રહ્યો નથી. ઉપરાંત ત્યાં કમાઈ લેવાની લાલચ વૃત્તિ પહોંચી ગઈ છે. ભૂલકાઓ હવે નાની ઉંમરમાં જ બધુ જાણી લે છે અને સરળતાથી સંસ્કાર વર્તુળની બહાર જતા રહે છે. ઈન્ટરનેટથી ચારિત્ર્ય ધોવાણ બેહદ વધતું જાય છે. આવક વૃદ્ધિના સ્વપ્ના સાકાર થાય નહીં તેથી અયોગ્ય માર્ગે લોકો મોકાની તલાશ શરૂ કરી દે છે! સરકારની પણ ઘણી બધી મર્યાદા હોય છે. પ્રજા શક્તિની પણ લિમિટ હોય છે તેથી બધા એ સૌના સુખ કે વિકાસ માટે અનુશાસનમાં રહી રાષ્ટ્રીય હિત વિચારીને જીવવું પડે છે કદાચ મહાન ભારતની મંઝિલે લઈ જાય તેવી શ્રદ્ધા છે. આર્થિક સમીક્ષા દરેક યોજનાની થતી રહેવી ખુબ જરૂરી લાગે છે. બધાનું સર્વ મંગલ થાઓ.

**શેર આસ્વાદ :**
**એક ઊઘડેલા ઘરનો ન જોયું મેં એટલે**
**દીધા છે મેં ટકોરા ઘણા બંધ દ્વારનો**
**(મરીઝ)**